## જો મારા બાળકને કોઈ તકલીફ (બીમારી) હોય તો?


મદદ અને સંસાધનો ઉપલબ્ધ છે. નિદાનના આધારે, દવા, તમારા બાળકના આહારમાં ફેરફાર અથવા સુધારાત્મક સર્જરી જેવી ઘણી સારવાર ઉપલબ્ધ છે.

## જો મને અન્ય પ્રશ્નો હોય તો શું?

તમારા બાળકના આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો. વધારાની માહિતી અહીં ઉપલબ્ધ છે:

newbornscreening.nj.gov

babysfirsttest.org



## વધુ માહિતી માટે:

નવજાત સ્ક્રીનિંગ પ્રોગ્રામ (Newborn Screening Program), તેની રેકોર્ડ રીટેન્શન નીતિ અને રેકોર્ડ સંબંધિત ફોર્મ્સ વિશે વધુ માહિતી માટે, QR કોડ સ્કૅન કરો.

**Newborn Screening Laboratory**
**(નવજાત શિશુ સ્ક્રીનિંગ લેબોરેટરી)**
P.O. Box 371
Trenton, NJ 08625-0371
(609) 530-8371, ફેક્સ: (609) 530-8373
njnbs.results@doh.nj.gov

**Newborn Screening Follow Up**
**(નવજાત શિશુ સ્ક્રીનિંગ ફોલો-અપ)**
P.O. Box 364
Trenton, NJ 08625-0364
(609) 292-1582
njnbsfu@doh.nj.gov

**Early Hearing Detection and Intervention Program**
**(વહેલી શ્રવણ તપાસ અને હસ્તક્ષેપ કાર્યક્રમ)**
P.O. Box 364
Trenton, NJ 08625-0364
(609) 292-5676
ehdi@doh.nj.gov

**Critical Congenital Heart Defects Program**
**(ગંભીર જન્મજાત હૃદયની ખામીઓનો)**
P.O. Box 364
Trenton, NJ 08625-0364
(609) 292-1582
njnbsfu@doh.nj.gov

NJ Health
New Jersey Department of Health

C47321



# નવજાત શિશુનું સ્ક્રીનિંગ

## સ્ક્રીનિંગ ટેસ્ટ જે તમારા બાળકના જીવનને બચાવી શકે છે

NJ Health
New Jersey Department of Health

## નવજાત શિશુનું સ્ક્રીનિંગ શું છે?

નવજાત શિશુનું સ્ક્રીનિંગ એ ત્રણ અલગ-અલગ સ્ક્રીનિંગ ટેસ્ટનું ગ્રૂપ છે જે જન્મ સમયે સ્પષ્ટ ન હોય તેવી ગંભીર પરંતુ સારવાર યોગ્ય આરોગ્ય સ્થિતિઓની તપાસ કરે છે. ટેસ્ટ સામાન્ય રીતે જન્મ પછી 24-48 કલાકની વચ્ચે થાય છે. ત્રણ સ્ક્રીનિંગ છે:

**બ્લડસ્પોટ સ્ક્રીનિંગ, 1964થી**
**શ્રવણશક્તિનું સ્ક્રીનિંગ, 2001થી**
**પલ્સ ઓક્સિમેટ્રી સ્ક્રીનિંગ, 2011થી**


## મારા બાળકને નવજાત શિશુ માટેનાં સ્ક્રીનિંગ ટેસ્ટની શા માટે જરૂર છે?

મોટાભાગના બાળકો તંદુરસ્ત જન્મે છે. પરંતુ કેટલાક બાળકોને ભાગ્યે જ જોવા મળતી હોય એવી આરોગ્ય સમસ્યા હોઈ શકે છે જે તરત જ જોઈ શકાતી નથી. અમે બધા બાળકોનું પરીક્ષણ કરીએ છીએ જેથી અમે આ સમસ્યાઓ વહેલી તકે શોધી શકીએ અને અપંગતા અથવા મૃત્યુ જેવી ગંભીર સમસ્યાઓને રોકવામાં મદદ કરી શકીએ.

## તમારા બાળકનાં પરિણામો જાણો.

હૉસ્પિટલ છોડતા પહેલાં, તમારા બાળકના નવજાત શિશુ માટેનાં સ્ક્રીનિંગ ટેસ્ટ થયા છે કે કેમ તે પૂછો. જો તમે બાળક 24 કલાકનું થાય તે પહેલાં હોસ્પિટલ છોડો છો અથવા જો તમારા બાળકનો જન્મ કે સંભાળ હોસ્પિટલની બહાર થઈ હોય, તો તમારા બાળકના ડૉક્ટર સાથે વાત કરો અને ખાતરી કરો કે આ તપાસ થઈ છે કે કેમ.

તમારા બાળકની ડૉક્ટર સાથેની પહેલી મુલાકાત વખતે બ્લડસ્પોટ ફોર્મની વાલી માટેની કૉપિ (જે નીચે બતાવેલ છે) સાથે લાવો.


BABY'S LAST NAME (PRINT)
SN X X X X X X X X

**Instructions to Submitter:**
After entering the newborn's name, remove this copy and give it to the parents of this newborn.

**Parents,**

Your baby has had his/her Newborn Screening blood test. This is an important public health service that can protect your baby. Infants may look healthy but have certain rare health problems which can be found by this test.

A small amount of blood was taken from your baby's heel and sent to the New Jersey Newborn Screening Laboratory for testing. The hospital has given you the brochure "These Tests Could Save Your Baby's Life." This brochure has more information about Newborn Screening.

Please take this notice to your baby's doctor, who can get a copy of the results by contacting the Newborn Screening Laboratory.

*Por favor lleve esta carta al doctor de su bebé.*

State of New Jersey NEWBORN SCREENING

New Jersey Department of Health
http://www.newbornscreening.nj.gov

PARENT COPY

## મારા બાળકનું પરીક્ષણ કેવી રીતે કરવામાં આવશે?

**શ્રવણ ટેસ્ટ શ્રવણશક્તિના નુકશાનની તપાસ કરે છે.** *આ ટેસ્ટનાં પરિણામો ટેસ્ટ કરવામાં આવે તે સમયે ઉપલબ્ધ હોય છે.*



**પલ્સ ઓક્સિમેટ્રી ટેસ્ટ ગંભીર જન્મજાત હૃદયની ખામીઓ (Critical Congenital Heart Defects, CCHD) માટે તપાસ કરે છે.** *આ ટેસ્ટનાં પરિણામો ટેસ્ટ કરવામાં આવે તે સમયે ઉપલબ્ધ હોય છે.*



**બ્લડસ્પોટ ટેસ્ટ (લોહીના ટીપાની તપાસ) દ્વારા લોહીના એક નાના નમૂનાની તપાસ કરવામાં આવે છે, જેથી જાણી શકાય કે બાળકને કોઈ ચોક્કસ પ્રકારની દુર્લભ (ભાગ્યે જ જોવા મળતી હોય એવી) બીમારીઓનું જોખમ છે કે નહીં.** *આ ટેસ્ટનાં પરિણામો ટેસ્ટ કરવામાં આવ્યાના થોડા દિવસો પછી ઉપલબ્ધ હોય છે.*



## ખાતરી કરો કે હોસ્પિટલમાં તમારા અને તમારા બાળક માટે યોગ્ય માહિતી છે

- તમારું સાચું સરનામું અને ફોન નંબર પ્રદાન કરો
- તમારા બાળકની આરોગ્ય સંભાળ પ્રદાતાની માહિતી પ્રદાન કરો

## જ્યારે મારા બાળકને બીજા ટેસ્ટની જરૂર હોય ત્યારે શું થાય છે?

તમારા બાળકના આરોગ્ય સંભાળ પ્રદાતા, જ્યાં તમારા બાળકનો જન્મ થયો હતો તે હોસ્પિટલ અથવા રાજ્યનો નવજાત શિશુ માટેનો સ્ક્રીનિંગ પ્રોગ્રામ આગામી પગલાં સમજાવવા માટે કૉલ કરશે અથવા પત્ર મોકલશે.

- **તમારા બાળકને તરત જ પુનરાવર્તન ટેસ્ટ માટે લઈ જાઓ.**

## તમારા બાળકનાં નવજાત શિશુ માટેનાં સ્ક્રીનિંગ પરિણામો ટ્રેક કરો.

| | | |
|---|---|---|
| બ્લડસ્પોટ (લોહીનું ટીપું) સ્ક્રીનિંગ | પાસ થયું ☐ | પાસ થયું નથી ☐ |
| શ્રવણ સ્ક્રીનિંગ | પાસ થયું ☐ | પાસ થયું નથી ☐ |
| પલ્સ ઓક્સિમેટ્રી સ્ક્રીનિંગ | પાસ થયું ☐ | પાસ થયું નથી ☐ |